જાહેર સાહસોના અધ્યક્ષને રહેઠાણની
સવલત આપવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંક:જનવ/૧૦-૨૦૧૪/૪૭૩૯૦૨(૨)/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬/૦૯/૨૦૧૪

વંચાણમાં લીધા:-

(૧) પરિપત્ર ક્રમાંક: જનવ-૧૪૮૨-૧૯૬૬-અ. તા.૦૯-૦૮-૧૯૮૮.
(૨) પરિપત્ર ક્રમાંક: જનવ-૧૬૮૬-૪૦૪૧-૧૩૫૪-(૯૦)-અ, તા.૧૮-૦૪-૧૯૯૦.
(૩) પરિપત્ર ક્રમાંક: જનવ-૧૬૮૬-૪૦૪૧-૪૩૮૩-(૯૦)-અ, તા.૨૬-૦૨-૧૯૯૧.

પ્રસ્તાવના:

ઉકત વંચાણમાં લીધેલ પરિપત્રોથી રાજયના જાહેર સાહસોના અધ્યક્ષને જાહેર સાહસના મુખ્ય મથકે મળવવા પાત્ર રહેણાંક મકાનની સવલતની બાબત નકકી કરવામાં આવેલ છે. પરંતુ કેવા પ્રકારનું મકાન ફાળવવું તેમજ મકાનની અવેજીમાં કેટલું ઘરભાડું ચુકવવું તેની કોઇ ચોકકસ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. આથી પુખ્ત વિચારણાના અંતે હવેથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ

જે તે જાહેર સાહસ પાસે પોતાની માલિકીનું, અધ્યક્ષને ફાળવવાપાત્ર, મકાન મુખ્ય મથકે તૈયાર હોય તો અધ્યક્ષે તે મકાનમાં જ વસવાટ કરવાનો રહેશે. જો જાહેર સાહસનું પોતાનું મકાન ના હોય તો મુખ્ય મથકે 'ગ' ટાઇપ સરકારી મકાન ફાળવવાનું રહેશે. જો આ પ્રકારનું મકાન પણ ફાળવી શકાય તેમ ના હોય તો અને જો અધ્યક્ષશ્રી જાહેર સાહસના મુખ્ય મથકે રહેતા હોય તો તેઓને સરકારના નાયબ સચિવશ્રી કક્ષાના અધિકારીના પગાર ધોરણમાં મહત્તમ દરે મળવાપાત્ર ઘરભાડા ભથ્થું આપવાનું રહેશે. આ ઠરાવનો અમલ તા.૧/૦૯/૨૦૧૪થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
ઉપ સચિવ (જા.સા)
નાણા વિભાગ

નકલ રવાના:

# - નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી,(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણા)ના અંગત અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (જા.સા.) અને સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય,નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓ/મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓ, સરકારી કંપની/નિગમ/બોર્ડ,ગુજરાત રાજ્ય
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર- વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ
- ------------------------------------------------------

\# પત્ર દ્વારા